# રાજયભરમાં વાતાવરણમાં ભારે પલટો

અપર એયર સાયકલોનિક સરક્યુલેશનના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં હવામાનમાં એકાએક જોરદાર પલ્ટો આવ્યો છે. ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ પડ્યો છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં પવન સાથે વરસાદ થયો છે. અમદાવાદ શહેરમાં પણ વાતાવરણ બદલાયું છે અને વરસાદી વાતાવરણ આજે જોવા મળ્યું હતું. દિવસ દરમ્યાન વાદળો રહેતા ગરમીમાં પણ રાહત મળી હતી. વાદળછાયા વાતાવરણની વચ્ચે એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો. જેમાં નવસારી, દાહોદ, અંબાજી, પાટણ, અમીરગઢનો સમાવેશ થાય છે. આજે રાજયના વિવિધ ભાગોમાં વરસાદ થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ વાદળછાયું વાતાવરણ વચ્ચે નવસારીમાં વરસાદની શરૂઆત થઈ હતી. આગામી એક બે દિવસ સુધી વરસાદી માહોલ રહી શકે છે. બનાસકાંઠામાં અલગ અલગ જગ્યાઓ ઉપર વરસાદ થયો હતો. માઉન્ટઆબુમાં પણ કમૌસમી વરસાદ પડ્યો છે. આજે રાજયના નવસારી, અંબાજી, વડોદરાના વિવિધ વિસ્તારો, પાટણ, મહીસાગરના લુણાવાડામાં ભારે વરસાદ થયો છે. જેના પરિણામ સ્વરૂપે ઘણી જગ્યાએ પાણી પણ ભરાયા હતા. કમૌસમી વરસાદના પરિણામ સ્વરૂપે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અંબાજીમાં પણ ધીમી ગતિએ વરસાદની શરૂઆત થઈ હતી. હાલારના જુદા જુદા ભાગોમાં માવઠુ થયું છે. કલ્યાણપુર, ખંભાળીયા, દ્વારકા તાલુકાના વિવિધ ભાગોમાં વરસાદ થયો છે. હવામાન વિભાગના કહેવા મુજબ ૧૨મી સુધી વિવિધ સ્થળોએ વરસાદી ઝાપટા પડી શકે છે. ગઈકાલે પણ તીવ્ર પવન સાથે વરસાદી ઝાપટા કેટલા વિસ્તારમાં થયા હતા. ખંભાળીયા અને દાત્રાણામાં પણ વરસાદ થયો છે. લીંમડી સહિતના ગામોમાં વરસાદ થયો છે. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૦.૯ અને મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ રહી છે. બીજી બાજુ સિઝનમાં વારંવાર ફેરફારના લીધે બીમારી ફેલાવવાની શક્યતા પણ દેખાઈ રહી છે. લોકોને વધુ સાવધાન થઈ જવાની જરૂર છે કારણ કે હાલમાં ગરમી અને શરદીનો અનુભવ એકસાથે થઈ રહ્યો છે.રાજયભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે. આરોગ્યને લઈને ઈન્ફેકશનની તકલીફ વધી છે. શરદી, ગરમીથી ગ્રસ્ત રોગના કેસમાં વધારો નોંધાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. અમદાવાદ શહેર અને રાજયમાં હાલમાં મિશ્ર વાતાવરણનો અનુભવ લોકો કરી રહ્યા છે. આજે અમદાવાદ શહેરમાં બપોરના ગાળામાં ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. ગરમીનું પ્રમાણ અમદાવાદમાં હવે દિન પ્રતિદિન વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાલમાં જ પારો ફેબ્રુઆરી મહિનામાં ૧૦ વર્ષની રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી ગયો હતો પરંતુ મહત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે જે બાળકો અને મોટીવયના લોકો માટે ચિંતાજનક બાબત બને છે કારણ કે આવી સ્થિતિમાં ઈન્ફેકશનના કેસોમાં વધારો થાય છે. તબીબોના કહેવા મુજબ ગરમીની આ સિઝનમાં બહારની ચીજવસ્તુઓને ટાળવાની જરૂર છે. અમદાવાદની સાથે સાથે રાજયના જુદા જુદા ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધતા માસુમ બાળકોને તકલીફ થઈ રહી છે. બાળકો અને મોટીવયના લોકો બીમારીના સકંજામાં આવી ગયા છે. આવી સિઝનમાં બહારની ચીજવસ્તુઓને ટાળવાની સલાહ તબીબો આપી રહ્યા છે. તાપમાનમાં ફેરફાર થવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને જુદા જુદા ઈન્ફેકશનની તકલીફો વધી છે.

# ડાકોરના માર્ગો પર શ્રદ્ધાનું ઘોડાપુર

અમદાવાદ, તા.૧૦

ફાગણ સુદ પૂર્ણિમા એટલે ભગવાન રણછોડરાયના ભાવિક



ભકતો માટે જીવનનો અમુલ્ય દિવસ.આ દિવસે ડાકોર ખાતે આવેલા રણછોડરાયના મંદિરમાં ભગવાનની એક ઝાંખી માત્ર કરીને ભકતો ધન્યતા અનુભવતા હોય છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ ડાકોર તરફ જવાના માર્ગ જય રણછોડના નાદ સાથે ગૂંજી ઉઠયા છે.એક અંદાજ મુજબ,પાંચ લાખ જેટલા શ્રધ્ધાળુઓ હાલ ડાકોર પહોંચવાના માર્ગ ઉપર પગપાળા આગળ પ્રયાણ કરી રહ્યા છે.નાના સંઘો તો ડાકોર પહોંચી પણ ગયા છે.કુલ મળીને પૂર્ણિમા સુધીમાં રાજયના વિવિધ ભાગોમાંથી ૫,૦૦૦ જેટલા સંઘો નિજ મંદિરે પહોંચશે.આ પરિસ્થિતિમાં ભાવિક ભકતોને માટે ૨,૫૦૦ થી વધુ પોલીસકર્મીઓને ખડેપગે ફરજ ઉપર રહેવાના આદેશ કરવામાં આવ્યા છે.આ ઉપરાંત જિલ્લા કલેકટર ખેડા અને મંદિર ટ્રસ્ટ તરફથી પણ તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે.આ અંગેની વિગત એવી છે કે,ફાગણી પૂનમે ડાકોરના ઠાકોરના દર્શનનો અનેરો મહીમા છે.એવા સમયે રાજયમાં અમદાવાદ શહેર,જિલ્લા ઉપરાંત વિવિધ જિલ્લાઓમાંથી પદયાત્રીઓના સંઘ ડાકોર જવા રવાના થઈ ગયા છે.ડાકોર પહોંચવાના તમામ માર્ગો ઉપર હાલ ૧૫૦ થી પણ વધુ સેવા કેમ્પ કાર્યરત થઈ ગયા છે.જેમના દ્વારા ભાવિકો માટે ચા,નાસ્તા અને ભોજનથી લઈને વિસામા સુધીની વયવસ્થા કરવાની સાથે જ અનેક સ્થળોએ મેડીકલ સેવાઓ પણ કાર્યરત કરી દેવામાં આવી છે.ભકતો જેમ જેમ સેવા કેમ્પ સુધી પહોંચતા જાય છે.તેમ તેમ સેવા કેમ્પમાં કાર્યરત કાર્યકરો પણ સેવામાં વધુ કાર્યરત બનતા જાય છે.અમદાવાદ શહેરના રામોલ-હાથીજણ વોર્ડના કોર્પોરેટર અતુલ પટેલે એક વાતચીતમાં કહ્યું છે કે,પદયાત્રીઓ હાથમાં ધજા અને હૈયામાં જય રણછોડના નાદ સાથે આગળ પ્રયાણ કરી રહ્યા છે.પૂર્ણિમા સુધીમાં પાંચ લાખ જેટલા ભકતો મંદિર પહોંચી ડાકોરના ઠાકોરના દર્શનનો લહાવો લેશે.ભાવિકો અમદાવાદ જસોદાનગર ચોકડી ઉપરાંત ખેડા જિલ્લાના રાસ્કા પાટીયાથી મહેમદાવાદ,સિહુંજ સહીતના માર્ગોથી વહેલી સવારે અને રાત્રીના સમયે પગપાળા ચાલીને પહોંચી રહ્યા છે.મોટી ધજા સાથેના સંઘો આજે સાંજથી ડાકોર તરફ જવા રવાના થશે.આ સંઘો દ્વારા ૫૨ ગજની ધજા ચઢાવવામાં આવતી હોય છે.બીજી તરફ આટલી મોટી સંખ્યામાં યાત્રિકો ડાકોર પહોંચવાના હોઈ ખેડા જિલ્લા પ્રશાસન અને



ટેમ્પલ ટ્રસ્ટ ડાકોર દ્વારા પણ તમામ પ્રકારની તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે.મંદિર પરીસરમાં સીસીટીવી કેમેરા લગાવવાથી લઈને દવાઓનો છંટકાવ,ગોમતી ઘાટ આસપાસના વિસ્તારને પણ ચોખ્ખો કરી દેવામાં આવ્યો છે. આટલી મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડવાના હોઈ તેમની સુરક્ષા વયવસ્થા માટે ચુસ્ત અને સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.આ બંદોબસ્તમાં ૨,૫૦૦ જવાનો ખડેપગે તૈનાત કરાયા છે.જેમાં ૧૪ પોલીસ અધિક્ષક,૩૫ પી.આઈ.,૧૦૦ પી.એસ.આઈ.,૧૦૦૦ પોલીસ જવાનો,૧૦૦ મહીલા કોન્સ્ટેબલો,૮૦૦ હોમગાર્ડના જવાનો,પાંચ એસઆરપીની કંપનીઓ,સહીત બે પ્રહરી વાહનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

## આ પણ વાંચીએ...

### ● કર્મચારીએ જીવના જોખમે મગરને બચાવ્યો



છોટાઉદેપુર જિલ્લાના નસવાડીના ચોરામલ ગામે ખેતરના કૂવામાં એક સાત ફૂટનો મગર દેખાયો હતો. આ અંગે જંગલખાતાને જાણ થતાં દસ જેટલા કર્મચારીઓ મગરને બચાવવા પહોંચ્યા હતા. મગરને કાઢવા માટે જંગલ ખાતાના કર્મચારીએ પોતાનો જીવ જોખમમાં મુકીને કૂવાના એક છેડાથી લાકડાની વેલના સહારે લટકીને દોરડો નાંખીને મગરને કૂવામાંથી બહાર કાઢવાના પ્રયાસો આદર્યા હતા. આખરે મગરને કૂવામાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

### ● અમેરિકાની આર્મીમાં સામેલ ભારતીય દિકરીએ ઈરાકમાં મીશન પાર પાડ્યું



આર્મીમાં ભરતી થવુ એ ગર્વની વાત છે. ભારતીય દિકરી રણબીર કૌરે અમેરિકન આર્મીમાં ભરતી થનાર પ્રથમ ભારતીય મહિલા થવાનુ ગૌરવ પ્રાપ્ત કર્યું છે. માત્ર ૧૭ વર્ષની ઉંમરે તે સેનામાં દાખલ થઈ હતી. રણવીર કૌરે અનેક મીશનમાં ભાગ લીધો છે. એક ઓપરેશન માટે તેમને ઈરાક મોકલવામાં આવી હતી. જ્યાં તે ઘવાઈ હતી. ભારતની દિકરી રણબીર અમેરિકાની સૈન્ય ઈતિહાસના સૌથી મુશ્કેલ મનાતા અફઘાનિસ્તાન અને ઈરાકના મિશનમાં તેમણે ઘણીવાર ભાગ લઈ પોતાની બહાદુરીનું પ્રદર્શન કર્યું છે.

### ● આ છે દુનિયાના સૌથી હેન્ડસમ પીએમ



કેનાડાના પીએમ જસ્ટીન ટુડો દુનિયાના સૌથી હેન્ડસમ પીએમ છે. યુવતીઓ તેમની પાછળ પાગલ છે. ખુશમિજાજ અને મિલનસાર સ્વભાવના કારણે તેઓ વારંવાર મીડિયામાં પણ ચમકતા રહે છે. ટુડોના પિતા પણ ૧૫ વર્ષ સુધી કેનેડાના પ્રધાનમંત્રી રહ્યા હતા. જો કે તેમને પ્રધાનમંત્રીનુ પદ વારસામાં નથી મળ્યુ. તે માટે તેમણે ખુબ સંઘર્ષ કર્યો છે અને આખરે લોકોમાં સૌથી વધુ લોકપ્રિય બન્યા છે. તેઓ દુનિયાના એક માત્ર પીએમ છે જે સિક્યોરીટી વિના રહે છે.

## ગુજકેટની પરીક્ષા ૧૧મી મેએ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગૃપ-એ, ગૃપ-બી અને ગૃપ-એબીના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા તા. ૧૧.૦૫.૨૦૧૭ના રોજ યોજવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ (૧૦+૨ તરાહ) વિજ્ઞાનપ્રવાહ પછીની ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી-ડિપ્લોમાં ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટેની ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ ગુજકેટ સને.૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવશે. ગુજકેટની પરીક્ષા તા. ૧૧.૦૫.૨૦૧૭ને ગુરુવારના રોજ ૧૦.૦૦થી ૧૬.૦૦ કલાક દરમ્યાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે યોજાશે.વિજ્ઞાનપ્રવાહના ત્રીજા અને ચોથા સેમેસ્ટરમાં અભ્યાસક્રમ આધારીત ગુજકેટની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ રહેશે.

| વિષય | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| ભૌતિકશાસ્ત્ર | ૪૦ | ૪૦ | ૧૨૦મિનિટ |
| રસાયણશાસ્ત્ર | ૪૦ | ૪૦ | |
| જીવવિજ્ઞાન | ૪૦ | ૪૦ | ૬૦મિનિટ |
| ગણિત | ૪૦ | ૪૦ | ૬૦મિનિટ |

### કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખે શુભેચ્છા પાઠવી

## બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીને શુભેચ્છા અપાઈ

### દરેક વિદ્યાર્થી કોઈપણ જાતનો ડર રાખ્યા વિના ધૈર્યપૂર્વક પરીક્ષા આપીને કારકિર્દી યશસ્વી બનાવશે તેવો વિશ્વાસ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને હદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવતા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને નવસર્જન ગુજરાતના પ્રણેતા ભરતસિંહજી સોલંકીએ જણાવ્યું છે કે, દરેક વિદ્યાર્થી કોઈપણ જાતનો ડર રાખ્યા વિના ધૈર્યપૂર્વક પરીક્ષા આપીને શુભત્વ ધારણ કરો અને કારકીર્દી યશસ્વી બનશે એવી આત્મશ્રદ્ધા ધરાવું છું. ગુજરાત રાજયમાં ૧૫મી માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે સર્વે વિદ્યાર્થીમિત્રોને શુભેચ્છા પાઠવતાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહજી સોલંકીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં સફળતા મેળવીને જીવનને નવી દિશામાં લઈ જાય એ માટે ઈષ્ટદેવને પ્રાર્થના કરું છું. વિદ્યાર્થી મિત્રો આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપશો તો પરિણામ પણ તમારું ધાર્યું આવશે. આપ સૌને ખુશીનો અવસર સાંપડશે.

આ પરીક્ષા માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ રાજય સરકારની જરૂરી વ્યવસ્થા અને આયોજન કરી કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે નહીં તેનું ધ્યાન રાખવા જણાવ્યું છે. એ જ રીતે અપડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે બસ અને અન્ય વાહન વ્યવસ્થા ઉપલબ્ધ કરી વિદ્યાર્થીઓ કોઈ ટેન્શન વગર સમયસર પરીક્ષા સ્થળે પહોંચે તેવુ આયોજન કરવા જણાવ્યું છે. ઉનાળાની શરૂઆત હોઈ કોઈ વિદ્યાર્થીઓની તબિયત બગડે તેવા સંજોગોમાં લીબુ શરબત અને જરૂરી પ્રાથમિક સારવાર મળી રહે તેવુ પણ આયોજન વ્યવસ્થાપકોએ કરવું જોઈએ. આ સાથે રાજયના તમામ લોકોને આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે વિદ્યાર્થીઓ અને શાળા સંચાલકોને મદદરૂપ થવા અપીલ કરી છે.

### ભારે ઉત્તેજના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાસ કરીને સ્થાનિક ચૂંટણીમાં ભાજપે જોરદાર દેખાવ કર્યો છે. નોટબંધી બાદ સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે ઓરિસ્સા, મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યોમાં જોરદાર દેખાવ કર્યો છે.વીએઆરના સર્વે મુજબ ભાજપને ઉત્તરપ્રદેશમાં ૨૧૦થી ૨૩૦ સીટો આપવામાં આવી રહી છે. જે બહુમતીના આંકડા કરતા વધારે સીટો છે. અહીં સપાને ૧૧૦થી ૧૩૦ બેઠકો મળી રહી છે. બસપને ૬૭ થી ૭૪ બેઠકો આપવામાં આવી રહી છે. જે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે તેમાં ઉત્તરપ્રદેશ ઉપરાંત મણિપુર, ગોવા, ઉત્તરાખંડ અને પંજાબનો સમાવેશ થાય છે. પંજાબમાં એએપીની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. જો કે કોંગ્રેસની સાથે તેની ટક્કર પણ છે. ભાજપ વચ્ચે માત્ર એક સીટના અંતરની સ્થિતિ રહી હતી. આ વખતે પણ આવી સ્થિતિ દેખાઈ રહી છે. દેશમાં કેટલીક વખત એગ્ઝિટ પોલના પરિણામ ખોટા પણ સાબિત થયા છે. હવે આવતીકાલે એગ્ઝિટ પોલના પરિણામ કેટલાક સાચા સાબિત થાય છે તે બાબત પર તમામની નજર રહેશે.

### નજીક લાવવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ અને જેડીયુ દ્વારા આ પ્રયાસો હાથ ધરાયા છે. અખિલેશ અને માયાવતીને બિહારમાં મહાગઠબંધનની જેમ હાથ મિલાવી દેવા માટે કહેવામાં આવી રહ્યુ છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે બિહારના મુખ્યપ્રધાન અને જેડીયુના નેતા નીતિશ કુમાર બન્ને નેતાને એક મંચ પર લાવવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના એક નજીકના નેતા પણ છેલ્લા બે મહિનાથી બે વખત વાત કરી ચુક્યા છે. કોંગ્રેસ માને છે કે વર્ષ ૨૦૧૯ પહેલા આ ગઠબંધન બની જાય છે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રોકવા માટેની બાબત શક્ય બની શકે છે.બિહારમાં પહેલાથી જ જેડીયુ અને આરજેડી દ્વારા જોડાણ કરવામાં આવ્યુ છે. કોંગ્રેસના એક સિનિયર નેતાએ કહ્યુ છે કે મુલાયમ સિંહ યાદવ પર દબાણ લાવવામાં આવ્યુ છે. માયાવતી અને મુલાયમ સિંહ વચ્ચે સંબંધો હમેંશા ખુબ ખરાબ રહ્યા છે જેથી તેમની વચ્ચે ગઠબંધનની શક્યતા દેખાઈ રહી ન હતી. પરંતુ અખિલેશે પાર્ટીની જવાબદારી સંભાળી લીધાબાદ શક્યતા દેખાઈ રહી છે. જેથી તેમને સમજાવવાના પ્રયાસ જારી છે.

### હોટ ફેવરીટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાગોમાં સટ્ટોડિયા સક્રિય થઈ ગયા છે. અંતિમ દોરમાં સટ્ટાબજારમાં કમલ બ્રાન્ડનુ જોર દેખાયુ હતુ. ત્રીજા રાઉન્ડ સુધી ભાજપની સ્થિતી નબળી દેખાઈ રહી હતી. જો કે ત્યારબાદ ભાજપે પોતાની સ્થિતીને મજબુત કરવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. ગુરૂવારે મોટી રાત્રે સટ્ટાના નવા ભાવ ખુલી ગયા હતા. જે મુજબ ભાજપ સૌથી મોટ પાર્ટી તરીકે ઉભરી રહી છે. નવા ભાવ મુજબ ભાજપ ૧૮૮-૧૯૦ બેઠકો સુધી પહોંચી શકે છે. જ્યારે સમાજવાદી પાર્ટી ગઠબંધનને ૧૨૫થી ૧૩૦ સીટ મળી શકે છે. વારાણસીમાં પણ ૨૫ કરોડનો સટ્ટો લાગ્યો છે. બહુજન સમાજવાદી પાર્ટી માટે ક્યારેય ૧૦૦ સીટનો ભાવ લાગ્યો ન હતો. અંતિમ દોરમાં તેના પર ૮૦ બેઠકોનો ભાવ લાગ્યો હતો. જેમાં કોઈ ફેરફાર થઈ રહ્યા નથી. જો કે રાજકીય નિષ્ણાંતો માને છે કે માયાવતી દલિત મુસ્લિમ વોટ મારફતે સાઈલેટ કિલર તરીકે સપાટી પર આવી શકે છે. કોઈ પણ એગ્ઝિટ પોલમાં ભાજપને ૧૯૦થી વધારે સીટ મળી રહી નથી. જેના કારણે ચિંતા તો ચોક્કસપણે છે. પૂર્વાંચલના સટ્ટાબજારમાં ચૂંટણીના પ્રથમ તબક્કાના નામાંકન સુધી ૨૧૦થી ૨૧૫ સીટો સાથે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસને પૂર્ણ બહુમતી મળવાના દાવા કરવામાં આવી રહ્યા હતા.

### કદ વધશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ અને આમ આદમી વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે. એક્ઝિટ પોલમાં પંજાબમાં અકાલીદળ-ભાજપની હારના સ્પષ્ટ સંકેત મળી ચુક્યા છે. જો એએપી પંજાબમાં શાનદાર દેખાવ કરશે તો કેજરીવાલને વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા પાર્ટીના નેટવર્કને વધારવામાં મદદ મળશે. ૧૧મી માર્ચના દિવસે મતગણતરી પહેલાના એક્ઝિટ પોલના તારણો દર્શાવી રહ્યા છે કે સત્તારૂઢ ગઠબંધન અકાલી અને ભાજપને બે આંકડામાં પણ સીટ મળનાર નથી. આ તમામ માટેનું કારણ સત્તા વિરોધી લહેર તરીકે જોવામાં આવે છે. આ તમામ સ્થિતિ વચ્ચે એએપીને પોતાના નેટવર્કને વધારવાની તક મળી શકે છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી રહી છે.

### હિમવર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીમલા નજીકના વિસ્તારોમાં હિમવર્ષાના કારણે પ્રવાસીઓનો જોરદાર ધસારો જોવા મળી રહ્યો છે. કુફરી, ફગુ, નારકંડા સહિતના વિસ્તારોમાં મધ્યમથી ભારે હિમવર્ષા થઈ છે. જેથી હિલ સ્ટેશનો ખાતે લોકો ઉમટી પડ્યા છે. સાથે સાથે ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. મનાલી અને તેના નજીકના સોલાંગસ્કીની આસપાસના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. લાહોલ, સ્પીતી, કુલુ, ચાંબા, સીરમોર, સીમલા જિલ્લાના ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. મંગળવાર બાદથી જ આ તમામ વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. બીજી બાજુ હિમાચલના નીચાણવાળા વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો છે.

### સરક્યુલેશનમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરક્યુલેશનમાં ૧૨.૮૨ લાખ કરોડની નોટ હતી જે ૩૧મી માર્ચ ૨૦૧૫ના દિવસે ૧૪.૨૮ લાખ કરોડની થઈ ગઈ હતી. માર્ચ ૨૦૧૬ના અંતે સરક્યુલેશનમાં ૧૬.૪૧ લાખ કરોડની નોટ હતી. આઠમી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટને બંધ કરી દેવાની જાહેરાત કર્યા બાદ સરક્યુલેશનમાં કુલ કરન્સી પૈકી ૮૬ ટકા કરન્સી બંધ થઈ ગઈ હતી. સરકારે ત્યારબાદ રૂપિયા ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નવી નોટ મુકી હતી. મેગવાલે કહ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી માર્કેટમાં ૧.૯ અબજ અને ૧.૦૩ અબજ પાંચ રૂપિયાના અને ૧૦ રૂપિયાના સિક્કા ક્રમશઃ રહ્યા હતા. ઉપરાંત ૧૦ રૂપિયાની ૨.૬ અબજ નોટ રહી છે. આવી જ રીતે ૨૦ રૂપિયાની ૩.૬ અબજની નોટ રહી છે.

### બદલાવ લાવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેવેમ્બરમાં ચૂંટણીઓ યોજાય તેવી વાતો કરતા પણ સાંભળાયા હતા. જો કે વિધાનસભાની ચૂંટણી અંગે ન તો તંત્ર કે પંચ હાલ તૈયાર હોવાનું મનાઈ રહ્યું છે. જો અને તો ની વચ્ચે રાજકીય વર્તુળોમાં તરેહ તરેહની વાતો સાંભળવા મળી હતી. ચૂંટણી પરિણામના પૂર્વાનુમાનોએ સટ્ટાબજારને પણ ખોટા પાડ્યાની વાતો પણ છાને છપને થતી સાંભળવા મળી હતી. જો કે આજે થનારી મતગણતરી અને પરિણામોને લઈ પાટનગરમાં ભારે રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.

### સર્વાનુમતે મંજુરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ગુડાના વિસ્તારમાં પ્રવેશવાના રસ્તા પર પ્રવેશદ્વાર નિર્માણ અંગે રૂ ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે ગુડા વિસ્તારમાં માર્ગો પર અજવાળુ પાથરવા માટે અલે ઈ ડી લાઈટના કામો માટે રૂ ૭.૨૫ કરોડના કામો હાથ ધરાશે. સ્ટ્રીટ ફર્નિચરને ધ્યાને લઈ બાકડા ફુટપાથ નિર્માણ માટે રૂ ૫૦ લાખના કામો કરવામાં આવશે. જયારે ગુડા ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ગુડા વિસ્તારના ગામોનો વિકાસ કરવા માટે રૂ ૬ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. શહેરમાં કાર્યરત સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી રૂ ૧.૨૫ કરોડના ખર્ચનુ આયોજન કરવામાં આવ્યુ છે. વધુમાં ગુડાના પ્લોટના સંરક્ષણ અંગે દિવાલ અને તાર ફેન્સીંગ માટે રૂ ૫.૧૫ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.

### બેઠક વ્યવસ્થા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જળવાઈ રહે તે અંગેના પરીબળો ચકાસવા માટે પણ જણાંવાયુ છે. જયારે સી સી ટી વી કેમેરા ચાલુ છે કે કેમ તે અંગેની પણ ખાસ ચકાસણી કરવા માટે જણાંવાયુ હતુ. વધુમાં બેઠક દરમિયાન પરીક્ષાર્થીઓને આગામી તા ૧૪ માર્ચના રોજ પરીક્ષા સ્થળો પર નંબરોની બેઠક વ્યવસ્થા જાણી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ સુચના આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા અંગે તા ૧૪ માર્ચના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન માહીતી મેળવી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

### મુદ્દામાલ સાથે ઝડપ્યા... ● પાંચમા પાનાનું ચાલુ

પોલીસના હાથે ગુરુવારે ઝડપાઈ ગયો હતો.પકડાયેલ આરોપી કિશનસિંહ ઝાલા પાસે થી બે લાખ બાર હજારની કિંમતના દાગીના મળી આવ્યા હતાં. જે પ્રમાણે એક ચાંદીનો મુગટ, ૧૩ ચાંદીની ભગવાનની કપાલી,અને ૧૭૭ જેટલાં ચાંદીના ભગવાનના ઘરેણાંના ટીક્કા મળી આવ્યાં હતાં.કિશનસિહ ઝાલા આમ તો હિંમતનગરના દેધરોટા ગામનો હતો અને તે સુરતમાં છ માસ પહેલા જ અડાજણ વિસ્તારના એક મંદીરમાં પુજા ના કામની નોકરી માટે જૈન મંદીરમાં લાગ્યો હતો. એક તરફ તેની પાસે પુજારી ની આવક પુરતી નહોતી તો વળી બીજી તરફ હોળીનો તહેવાર જેમ નજીક આવતો હતો એમ તેને બહેનના ઘરેણાં ખરીદવાની સગવડ કરવાની ચિંતા સતાવતી હતી. અને આખરે તેણે પોતે જે મંદીરમાં પુજા કરતો હતો ત્યાં નજીકમાંજ રહેલા મંદીરમાં તેણે ચોરી આચરવા નો પ્લાન ઘડી કાઢ્યો હતો અને જે પ્રમાણે તેણે બુધવારે મોડી સાંજ બાદ ચોરી કરીને બાઈક પર પોતાના વતન તરફ આવવા નિકળી ગયો હતો દરમિયાન ગુરુવારે સાંજે હિંમતનગર થી દેધરોટા તરફ જઈ રહ્યો હતો ત્યાં જ તે પોલીસને હાથે ઝડપાઈ ગયો હતો. બાઈક પર જઈ રહેલા કિશનસિંહને સ્થાનિક એલસીબી વોચમાં હતી એ દરમ્યાન પુછતાછ કરી થેલો ચેક કરતા જ થેલામાં થી મંદીરના દાગીના મળી આવતા અને એ દાગીનાની તપાસ કરતાં તે સુરતના મંદીરના હોવાની જાણકારી મળતા જ કિશનસિંહની ધરપકડ કરીને સુરત પોલીસને જાણ કરી હતી.આ અંગે એલસીબી પીઆઈ-અશોક કલાસવા અને પીએસઆઈ વી.યુ.ગડરિયાએ જણાવેલ કે આરોપી કિશનસિંહ ઝાલા બાઈક લઈને પસાર થતો હતો અને એલસીબીની ટીમ આ દરમ્યાન હિંમતનગર શહેર નજીક વોચમાં હતી ત્યારે આ બાઈક લઈને જતો હતો તેની પુછતાછ કરી ચેક કરતા તેની પાસે થી ચાંદીના ઘરેણાં મળી આવ્યા હતા.